ધોરણ-૧૦માં નાપાસ થયેલ પાલક માતા-પિતા યોજનાના લાભાર્થીઓને પાલક માતા-પિતા યોજનાનો લાભ આપવા બાબત.

ગુજરાત સરકાર

**સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ**

**ઠરાવ ક્રમાંક: જજઅ/૧૦/૨૦૧૮/૨૪૯૯૭૧/છ**

**સચિવાલય, ગાંધીનગર.**

**તા.૧૮/૦૬/૨૦૧૮.**

**વંચાણમાં લીધા:**

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ઠરાવ ક્રમાંક: અનથ/૧૦૨૦૦૮/ન.બા.૦૧/છ, તા.૧૮/૧૨/૨૦૦૯.

(૨) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો ઠરાવ ક્રમાંક: જજઅ/૧૦૨૦૧૩/૭૪૧૬૦૦/ન.બા.૨/છ, તા.૩૧/૦૭/૨૦૧૪.

(૩) નિયામકશ્રી, સમાજ સુરક્ષાનો પત્ર ક્રમાંક: સસુખા/CPD/૨૦૧૮-૧૯/૮૮૬, તા.૨૧/૦૪/૨૦૧૮.

**આમુખ :-**

અનાથ બાળકોને સંસ્થાકીય વાતાવરણને બદલે કૌટુંબિક વાતાવરણમાં રાખી ઉછેર કરી તેઓનો સહજતાથી સ્વસ્થ અને સંતુલિત વિકાસ કરવાનાં હેતુથી પાલક માતા-પિતા યોજના સમગ્ર રાજ્યમાં શરૂ કરવામાં આવેલ. વંચાણે લીધેલ ક્રમાંક (૧)થી પાલક માતા-પિતા યોજના સમગ્ર રાજ્યમાં અમલીકૃત બની છે તથા વંચાણે લીધેલ ક્રમાંક (૨) થી ગુજરાતમાં વસતા ૦ થી ૧૮ વર્ષની ઉંમરના તમામ અનાથ બાળકો કે જેના માતા-પિતા હયાત નથી તેવા બાળકોને આ યોજના અંતર્ગત લાભ મળવાપાત્ર થાય છે. પરંતુ ધોરણ-૧૦માં નાપાસ થયેલ રીપીટર વિદ્યાર્થીઓ કે જેઓ ધોરણ-૧૦ની પરીક્ષાની તૈયારી કરતાં હોય પરંતુ શાળાએ જતાં ન હોવાના કારણે તેઓને શાળા દ્વારા અભ્યાસ કરતાં હોવાનું પ્રમાણપત્ર આપવામાં આવતું ન હતું. જેથી ઘરેથી આપમેળે તૈયારી કરી ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષા આપતાં આવા વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ આપવો કે નહી તે બાબતે સ્પષ્ટતાઓ થવી જરૂરી હતી, જે ધ્યાને લઇ નિયામકશ્રી.,સમાજ સુરક્ષા કચેરીની

વંચાણે લીધેલ ક્રમાંક (૩)થી કરવામા આવેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

કાળજીપૂર્વકની વિચારણાને અંતે સરકારશ્રીએ નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતા દ્વારા અમલીકૃત અનાથ બાળકો માટેની પાલક માતા-પિતા યોજના હેઠળ ધોરણ-૧૦માં નાપાસ થયેલ હોય તેવા શાળાએ ન જતાં ઘરેથી આપમેળે તૈયારી કરી ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષા આપતાં રીપીટર વિદ્યાર્થીઓ દ્વારા જો બોર્ડની પરીક્ષાનું ફોર્મ ભરેલ હોય અને તે મતલબનું શાળાના આચાર્યનું પ્રમાણપત્ર રજૂ કરે તો આવા ૧૮(અઢાર) વર્ષ સુધીના રીપીટર વિદ્યાર્થીઓને પાલક માતા-પિતા યોજનોનો લાભ મળવવા પાત્ર થશે.

ધોરણ-૧૦માં નાપાસ થયેલા આ યોજનાના લાભાર્થી રીપીટર વિદ્યાર્થીઓની સંખ્યા ખૂબ વધારે ન હોવાથી આવા લાભાર્થીઓ માટે થનાર વધારાના ખર્ચનો પાલક માતા-પિતા યોજનાના એકદંર બજેટ જોગવાઇમાં સમાવેશ કરી લેવાની શરતે આ મંજૂરી આપવામાં આવે છે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા.૧૦/૦૬/૨૦૧૮ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જી. બી. વણઝારા)
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, સા.ન્યા.અને અધિ. વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી, (સા.ન્યા.), નાણાં વિભાગ, સચિવાલય ગાંધીનગર.

- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતું, બ્લોક નં.૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- ચીફ એક્ઝિક્યુટીવ ઓફિસરશ્રી, ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેક્શન સોસાયટી, બ્લોક નં. ૧૯/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, (એ.એન્ડ ઈ.),અમદાવાદ.
- નાયબ સચિવશ્રી, ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે કલેક્ટરશ્રીઓ. (મારફતે: નિયામકશ્રી, સમાજ સુરક્ષા)
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી. (મારફતે: નિયામકશ્રી, સમાજ સુરક્ષા)
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (મારફતે: નિયામકશ્રી, સમાજ સુરક્ષા)
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ - વિભાગની વેબસાઇટ પર મુકવાની વિનંતીસહ.
- સિલેક્ટ ફાઈલ.